# સ્વસંતોષ-આનંદમાં સહભાગી થવાનું નમ્ર આહ્વાન : ભાવપરિક્રમા

કાવ્યમર્મીઓ કે કાવ્યના જ્ઞાતા કવિતા વિશે વાત કરે તે અને એક સહૃદય ભાવક કાવ્ય વિશે વાત કરે તે સ્વાભાવિક જ અલગ હોવાની. એ પણ સાચું કે સુજ્ઞ ભાવક કાવ્યભાવનમાં જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી દરેક વખતે અને દરેક કાવ્યના સંદર્ભે આસ્વાદક કદાચ ન પણ પહોંચે. છતાં આસ્વાદનો હેતુ આસ્વાદકે પસંદ કરેલાં કાવ્યો માટે, કાવ્ય અને ભાવક વચ્ચે સેતુરૂપ બનવાનો હોય છે. આ આસ્વાદો પણ આવા જ એક સ્વસંતોષમાં કે માણેલા આનંદમાં ભાવકોને સાક્ષી કે સહભાગી થવા માટેનું નમ્ર આહ્વાન છે.

કાવ્ય પોતે આમ તો રસ, ભાવ, ધ્વનિ વગેરેનું ભાષા દ્વારા થતું આકલન હોય છે. આસ્વાદક આવા રસ-ભાવસ્થાનો સુધી પહોંચવાનો પ્રયત્ન કરતો હોય છે. ક્યારેક એ કવિએ ધારેલા પ્રકલ્પ કે ભાવકે માણેલા આહ્લાદ કરતાં નોખો-અનોખો હોઈ શકે છે. છતાં કાવ્ય જે નિર્દિષ્ટ કરે ત્યાં સુધી આસ્વાદકથી પહોંચી જવાયું હોય તો એ કાવ્ય અને આસ્વાદક વચ્ચેની પરમ સ્થિતિ કહેવાય. અન્યથા જો કાવ્યમાં રહેલાં તેનાં ઉત્તમ રસનિષ્પત્તિનાં સ્થાનો આસ્વાદક ચીંધી શક્યો હોય તો પણ તેનો વ્યાયામ લેખે લાગ્યો ગણાય. કોઈ કાવ્ય ક્યારેય આસ્વાદક કે ભાવકને પ્રત્યાયિત થાય એટલું જ કે એવું જ ન હોય એ પાકી સમજ છે જ. આમ છતાં અહીં કાવ્યના ભાવ, સૌંદર્ય, રસ અને અન્ય રસસ્થાનો નિર્દેશી આપવા મહત્તમ પ્રયત્ન કર્યો છે. ભાવકોને પણ એ આનંદ આપે એટલે બસ.

‘રસપરિક્રમા’(૨૦૨૧)નામે આસ્વાદગ્રંથનાં આસ્વાદો પછી સૌરાષ્ટ્રના ખ્યાતનામ વર્તમાનપત્ર ‘ફૂલછાબ’માં વહેતી ‘ભાવપરિક્રમા’ નામે ધારાવાહિક લેખમાળાએ આવા આસ્વાદ માટેની તક આપી તેનું આ પરિણામ છે. ‘ફૂલછાબ’ના તંત્રી મિત્ર જ્વલંત છાયા અને તેમના સાથીઓનું આ તકે સ્નેહસ્મરણ.

મને તો આ સઘળી કાવ્યસાક્ષાત્કારની ક્ષણોએ ભરપૂર આનંદ આપ્યો છે. આપ સૌને પણ એ મળી રહો. મારાં સ્વજનો, મિત્રો અને ભાવકોએ સતત પ્રોત્સાહન પૂરું પાડ્યું છે તે સૌનું પણ સ્નેહસ્મરણ.

રાજકોટ **– સંજુ વાળા**

જુલાઈ - ૨૦૨૫

# કવિની આંખમાં ઉછરતા અગાધનું કાવ્ય

**સમુદ્ર**

*દેવો અને દાનવોએ સરળ કરી નાખ્યો*
*તે પહેલાંનો સમુદ્ર મેં જોયો છે.*

*મેં વડવાનલના પ્રકાશમાં પાણી જોયાં છે.*
*આગ અને ભીનાશ છૂટાં ન પાડી શકાય.*
*ભીંજાવું અને દાઝવું એક જ છે.*

*સાગરના તળિયેથી જ્યારે હું બહાર આવું*
*ત્યારે મારા હાથમાં મોતીના મૂઠા ન હોય.*

*હું મરજીવો નથી*
*હું કવિ છું.*
*જે છે તે કેવળ મારી આંખોમાં.*

*– સિતાંશુ યશશ્ચંદ્ર*

સમકાલીન ભારતીય કવિતાના અગ્રગણ્ય સર્જકો વિશે વિચારીએ ત્યારે, આપણા આ કવિ તેમાંના બેપાંચ સ્વનામધન્ય સર્જકોમાં ગુજરાતી ભાષાનું સન્માનનીય નામ છે એમ કહીએ તો કોઈ આશ્ચર્ય ન થાય. કવિ, નાટ્યકર્તા અને વિવેચક શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર (૧૯ ઓગસ્ટ, ૧૯૪૧)નો જન્મ ભુજમાં. શિક્ષણ વડોદરા અને મુંબઈમાંથી લીધું. ૧૯૬૮માં ફુલબ્રાઇટ સ્કૉલરશિપ સાથે અમેરિકા જઈ ૧૯૭૦માં 'સૌંદર્યશાસ્ત્ર અને તુલનાત્મક સાહિત્ય'માં એમ.એ.ની ઉપાધિ. ડૉ. ન્યૂટન પી. સ્ટોલનેસ્ટના માર્ગદર્શન હેઠળ 'નાટ્યાચાર્ય ભરતની અને ફિલસૂફ કાન્ટની પરંપરામાં કલાસ્વરૂપનો વિભાવ' એ વિષય પર ૧૯૭૫માં પીએચ.ડી. 'ભારતીય સાહિત્યનો જ્ઞાનકોશ'ના મુખ્ય સંપાદક.

૧૯૭૭માં રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શન નીચે ‘રમણીયતાનો વાગ્વિકલ્પ’ વિષય પર મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. મુંબઈની મીઠીબાઈ આર્ટ્સ કૉલેજ અને વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવાઓ આપી. વિદેશોની અનેક ફેલોશિપ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઉપકુલપતિ રહ્યા. ૨૦૦૬માં ભારત સરકાર તરફથી નાગરિક પુરસ્કાર ‘પદ્મશ્રી’થી તેઓ વિભૂષિત છે.

‘ઓડિસીયસનું હલેસું’ (૧૯૭૪) ‘જટાયુ’ (૧૯૮૬) ‘વખાર’ (૨૦૦૮) અને ‘મહાભોજ’ (૨૦૧૯) તેમના કાવ્યગ્રંથો. ઉપરાંત નાટક અને વિવેચનના પણ અનેક ગ્રંથો. વિવિધ સર્જન માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર, ‘કબીર સન્માન’, રણજિતરામ સુવર્ણચંદ્રક. ઉપરાંત અનેક સન્માન-ઍવોર્ડ્સ તેમના સર્જનને પ્રાપ્ત થયાં છે. પરાવાસ્તવ, પુરાકલ્પનના વિનિયોગ અને ધર્મ, અર્થ તેમજ રાજસત્તાને તીવ્રપણે સંદર્ભમાં લેતી કવિતા આ કવિનો આગવો વિશેષ છે. આધુનિક, અનુ-આધુનિક એવા કોઈ લેબલને નહીં ગાંઠતી તેમની સર્જકતા આજે ભારતીય કવિતાનું પ્રતિનિધિત્વ કરે છે.

સામાન્ય માણસની આંખ સીધું, સરળ અને સમયસાપેક્ષ ભાળે. સર્જકદૃષ્ટિનું દર્શન સમયાતિત અને સ્થળનિરપેક્ષ હોય. કવિતાનું કામ આવાં બંધનોમાંથી મુક્તિ મેળવવાનું પણ હોય. કવિતાનું બીજું કામ ભાવકની પ્રજ્ઞામાં સ્થિર થઈ ગયેલા ત્રણે કાળને ઉલ્લંઘીને જવા માટેનો માર્ગ ચીંધવાનું પણ હોય. કવિતાનું ત્રીજું કામ કોઈ પણ નિશ્ચિતતાને તોડી ભાવકને અનિચ્છિતતાના પ્રદેશના દ્વારે લઈ જઈ તેની ભાવચેતના વિસ્તાર માટે ખમી શકે એવો વિદ્યુત ઝટકો આપવાનું પણ હોય. કવિતા તેના અર્થને ઓળંગી ભાવના સીમાડા ખોલી આપે. કવિતા માત્ર કલ્પનાની જ નહીં અકલ્પનાની પણ ગરવી ગરિમા જાળવે. કવિતા એ જાણે કે શું લખાય અને શું ન લખાય!

આ કાવ્યના પ્રારંભે પણ આમ થયું. બરાબર કાવ્યરીતિએ કાવ્યનો ઉઘાડ થયો. સામે સમુદ્ર તો છે પણ તે બધાં રત્નો તારવી લીધાં પછીનો ડ્હોળો જળરાશિ નથી. ભર્યોભાદર્યો અને અનેક સંભાવનાશાળી છે. એટલે આ સમુદ્ર તો દેવો અને દાનવો આવ્યા તે પહેલાંનો છે. કહો કે આ કવિનો સમુદ્ર છે. કવિતાનો સમુદ્ર છે. પેલો ઝટકો આપવા માટેનો સમુદ્ર છે.

વડવાનલ તો એને જ કહેવાય કે જે પાણીમાં પ્રજ્વલિત હોય. આ અગ્નિની

એ ખૂબી હોય છે કે એ પાણીથી ઠરવાને બદલે પાણીમાં જ પ્રગટે. વળી અહીં એક જુદી આંખ કે નવતર દર્શનની બિના એટલા માટે ઘટી કે એ આગના અજવાળે પાણી ભાળ્યાં. આગ અને પાણી આમ જુઓ તો હોવાના બે છેડા છે. પણ અસ્તિત્વના અનુભૂતિ વિસ્તારમાં તો બંને એક એવી ભાવઘટના છે કે જેના અહેસાસથી અસ્તિ કંઈક ધારણ કરે છે. કવિ કહે છે : 'દાઝવું અને ભીંજાવું એક જ છે.' કેવી ગજબની આ અસ્તિસભાનતા છે. જો આમ ન થઈ શકે એમ આપણે કહીએ તો પાણીની અંદર આગ શક્ય જ નથી. પણ વડવાનલ તો હોય છે. એટલે આ આગ અને પાણી જુદાં નથી. એક જ પ્રકૃતિના બે વિભાવ હોવા છતાં એનું મૂળ એક છે. એ સ્પર્શેન્દ્રિયનો વિષય નહીં રહેતા પ્રજ્ઞાની પરમ સ્થિતિ બની રહે તે આ આગ અને પાણી છે. જેની ચેતના સક્રિય હોય અને ચેતોવિસ્તાર શિવની ત્રીજી આંખની જેમ ખૂલી ગયો હોય એ સ્થિતિએ જ આવું પમાય. એક વિશિષ્ટ કે માથાફરેલ સર્જક સિવાય આમ ઉચ્ચારવું કઠિન છે.

આ પ્રતીતિની પરમ અવસ્થામાં ઝિલાયેલ એક હોવાની વાતે અથવા તો ચિત્તની આ અદ્વૈત સ્થિતિની સાખે થોડા સંદર્ભ અહીં યાદ કરવા જેવા છે. એને સાથે વાંચવાનો એક નોખો આહ્લાદ છે. આ કોઈ અનુસરણ કે અનુવાદ નથી. એક ભૂમિકાએ થતો અનુભૂતિવિસ્તાર છે. જુઓ આ સંદર્ભોઃ

*Shadow and sunlight are the same; –*

*'brahms' -ralfh waldo emorson*

●

*And the fire and the rose are one –*

*'four quartetes' – T. S. eliot.*

●

*'આલોર રહસ્યમયી સહોદરાર મતો એઈ અંધકાર'*

*(આ અજવાસ અને અંધકાર બંને રહસ્યમયી સહોદર છે.)*

*'નગ્ન નિર્જર હાથ' –જીવનાનંદદાસ*

●

*મેના ને મેકરણ દોનું એક છે*
*એને તમે જુદાં રે નવ જાણો... આ જ મારી મેના..*

*– ડાડા મેકરણ*

●

*ડરને અને ઇચ્છાને એકસરખો ચહેરો 'ઘેરો'*

*– સિતાંશુ યશશ્ચંદ્ર*

આ ઉદાહરણ કવિતાને અનેક સર્જકસાન્નિધ્યે વાંચવા-પ્રમાણવા માટે છે, નહીં કે એકબીજાના અનુસંધાન રચવા. સર્જકના અનુભૂતિવિસ્તારમાં જે સનાતન ભાવ પ્રગટે તે અહીં હો કે ત્યાં અથવા આ ભાષામા કે તે ભાષામાં, એને કોઈ સીમા નથી હોતી. વાત ચેતોવિસ્તારમાં ઝિલાતાં તથ્યોની હોય છે.

કાવ્યના છેલ્લા બંધમાં સર્જકની શબ્દનિસબતની, એમ કહીએ કે સર્જકચેતનાના સમગ્ર સર્ગવિસ્તારની ભલે તીવ્ર અવાજે પણ અનુભૂતિઘોષણા છે. જેની સામે રત્નછલોછલ સમુદ્ર છે, એણે એમાં ડૂબકી પણ મારી છે. પણ એની પ્રીતિ, પારમિતા કે પ્રાપ્તિ એમાં રહેલાં આ નામ-પદ-ગુણરૂપ પદાર્થની નથી. એની ધારણા કે અપેક્ષા પણ આવી કોઈ સ્થૂળ કે લૌકિક નથી. વળી અહીં એ પણ અગત્યનું છે કે એણે ડૂબકી મારી જ નથી. એ તો એમાં જ હતો, આદિ-અનાદિથી. વસ્તુ તો એ છે કે એ જ્યારે આ જે ગહન ઊંડાણમાં છે ત્યાંથી બહાર આવે ત્યારે એ શું લઈને આવે છે? બસ, આ જાણ કરવા માટેનો તો આ આખો ભાષાપ્રપંચ છે. સર્જકને એ કહેવું છે કે એ જ્યાં છે ત્યાં ટકી શું કામ રહ્યો? અથવા એણે આવા અતળ અને અગાધનું સાન્નિધ્ય કેવાં કારણસર સેવ્યું? બસ, એનો જવાબ અહીં અપાયો છે અને એ બધી જ ધારણાઓની પારનો છે.

સર્જકે ન કરવાનું હોય એવું વિધાન કરવાની અહીં ફરજ પડી છે. કારણ એટલું કે જગત એને જાણતું નથી. એની સાચી ખોજની ખલકને ખબર નથી. અરે, ત્યાં સુધી કહેવું પડે કે એ કોણ છે એની પણ આ સ્થૂળ અને લૌકિકતામાં જ રમમાણ દુનિયાને દરકાર જ નથી. એની પાકી પ્રતીતિ છે એટલે તો કહેવું પડે કે 'હે ભાળ્યું એટલું જ સત્ય છે એમ માનનાર મર્ત્ય જગત! તું એમ સમજે છે કે મારી ખોજ, મારો આ અગાધ પ્રવાસ મોતીઓની મહેચ્છા છે? તો તું હજી મને ઓળખી જ નથી શક્યો.. હું કવિ છું, તું જે સમજે છે એ

મારી ખોજ કે પ્રાપ્તિ ન હોય. જો ભાળી શકે અથવા તારામાં ધૈર્ય, ખંત અને ખમીર હોય તો મારી આંખોમાં જો. મારે જે જોઈતું હતું અથવા કવિ પાસે જેની ઊંડી અપેક્ષા હોય તે હું લઈને આવ્યો છું. આ 'જે છે તે' અને માત્ર તે જ મારું લક્ષ્ય હોય, અને તે છે.'

આપણને થાય કે આ કવિની આંખોમાં રહેલું 'જે છે તે કેવળ' શું હશે? એનો જવાબ સહેલો નથી. અથવા વગર યત્ને જડે તેમ નથી, કારણ કે આપણે કવિની સર્જકચેતનામાં કે સર્જનવ્યાપારમાં ઊંડાં ઊતર્યા નથી. જો એમ થયું હોય તો કવિએ એના નિર્દેશ આપ્યા જ હોય છે. માત્ર આપણે આ કાવ્યના કવિ પૂરતી જ વાત કરીએ તો આ 'જે છે તે કેવળ' એટલે :

*'મયૂર ઉપરથી ઊતર શારદા! સિંહ ઉપર ચઢ'*

અથવા

*'અવાજનાં લીલાંછમ વન તો એય ને લાંબાં ઝૂલે,*
*સૂનકારની લાતીઓનાં તાળાં ચાવીથીયે ના ખૂલે.'*

અથવા તો

*'વેદના, તું અંધ ના કર; વેદના, તું નેત્ર દે.'*

અથવા તો

*'નથી દશાનન દક્ષિણે અને ઉત્તરમાં નથી રામ'*

આ અથવા તો.. ની યાદી લાંબી છે. અનંત છે. વ્યાપક છે. આમ તો એ માત્ર આ કવિની કવિતા પૂરતી જ નહીં, સમગ્ર કાવ્યપ્રદેશ માટેની કવિની સાર્વત્રિક ખેવના છે. હવે એને આપણે, આપણી રીતે ઉકેલીએ એ જ ઉચિત. છતાં કહેવું હોય તો કહીએ કે કવિની આંખમાં ઉછરતા અગાધનું આ નિરૂપણ છે. સર્વ સર્જક વતી કવિ બોલે છે.

આ કવિ સાંપ્રતની અનેકાનેક રીતની ધર્મ-અર્થ-રાજસત્તાની વિભિષિકાઓ સામે તારસપ્તકે શબ્દ પ્રયોજતા કવિ તો છે જ પણ સાથે ભાષાનો પણ અનન્ય રીતે તાગ મેળવવા અને માનવમનની બહુ જ આંતરિક સપાટીએ થતી રહેતી ઝીણી-ઝીણી સંવેદનાઓની ખબર પૂછતા રહેતા સર્જક છે. આવા સર્જક આપણી ગરવી અને ગજાવાન ભાષાને સાંપડતા રહો.

● ● ●